# Operetta2



## Operetta2 અભ્યાસ શું છે?

Operetta2 એ મલ્ટીપલ સ્કલેરોસીસ (MS) સાથે જીવન જીવતા બાળકો અને તરુણો માટેનો એક સંશોધન અભ્યાસ છે. આ અભ્યાસ, દવાની અસરો, સારી અને ખરાબની તપાસ કરશે કે જે દવા (MS) સાથે જીવતા બાળકો અને તરુણોને મદદ કરી શકે છે.



## કોણ ભાગ લેશે?

- MS સાથે જીવતા **233** બાળકો અને તરુણો
- **10-17** વર્ષની ઉંમરના

## જો હું અભ્યાસમાં હોવ તો શું થશે?

અભ્યાસ ડોક્ટર એ બાબતની ખાતરી કરવા માટે તપાસ કરશે કે અભ્યાસ તમારા માટે યોગ્ય છે.

તમારા અમુક પરીક્ષણો અને પ્રક્રિયાઓ એ વાતની ખાતરી કરવા માટે કરવામાં આવશે કે તમે અભ્યાસમાં ભાગ લઇ શકો છો:

- તમારું માથું, આંખ, કાન અને નાક જેવા શરીરના ભાગોની તપાસ
- તમારી ઊંચાઇ અને વજન માપવું
- તમારું તાપમાન લેવું
- તમારું હ્રદય કેટલું ઝડપથી ધબકી રહ્યું છે તે માપવું
- તમારા શ્વાસોચ્છવાસ કેટલી ઝડપથી અંદર અને બહાર જાય છે તે માપવું
- તમારા હાથમાં તમારા લોહીના દબાણને માપવું
- તમારા હાથમાંથી થોડું લોહી લેવું
- પેશાબ (મૂત્ર) ના નમૂનાઓ લેવા
- MRI કરવો જે તમારા મગજનું એક ચિત્ર લે છે

QR કોડ પ્લેસહોલ્ડર



તમે અભ્યાસ ડોક્ટરની ઓફિસે **દર 3 મહિને** મુલાકાત લેશો જેથી તમે કેટલા સ્વસ્થ છો તે જોવા માટે અભ્યાસ ડોક્ટર અમુક પરીક્ષણો અને પ્રક્રિયાઓ કરી શકે.

આ અભ્યાસમાં, તમને **બે** અભ્યાસ દવાઓ આપવામાં આવશે:

- એક **"સાચી"** (ocrelizumab કે fingolimod), અને
- એક **"નકલી"** જે સાચી જેવી જ દેખાય છે પરંતુ સક્રિય દવા ધરાવતી નથી, આને પ્લેસિબો કહેવામાં આવે છે

**દર છ મહિને (વર્ષમાં બે વખત)** તમે **ocrelizumab અથવા પ્લેસિબોનો** ડોઝ મેળવવા માટે અભ્યાસ ડોક્ટરની મુલાકાત લેશો જે દવા તમને તમારા હાથમાં ધીમે-ધીમે આપવામાં આવશે (આને ઈન્ફ્યુઝન કહેવામાં આવે છે).

તમને **દરરોજ ઘેર** લેવા માટે **fingolimod અથવા પ્લેસિબો** કેપ્સ્યુલ તરીકે પણ આપવામાં આવશે (એક ગોળીની જેમ).

## હું કેટલો સમય સુધી અભ્યાસમાં રહીશ?

તમે આ અભ્યાસમાં ઓછામાં ઓછા **2 વર્ષ** હશો પરંતુ તે સમય વધુ લાંબો હોઈ શકે છે.

જો તમે અભ્યાસમાં જોડાવ અને એવો નિર્ણય કરો કે તમે અભ્યાસ રોકવા માંગો છો, તો તમે કોઇપણ સમયે કોઇપણ કારણસર કરી શકો છો!





## અભ્યાસ વિશેના મારા પ્રશ્નોના કોણ જવાબ આપી શકે છે?

જો તમને અભ્યાસ વિશે કોઇપણ પ્રશ્નો હોય તો તમારા માતાપિતા અથવા સંભાળ પ્રદાતા અથવા અભ્યાસ ડોક્ટર અથવા નર્સ સાથે વાત કરો. તેઓ તમારા બધા પ્રશ્નોના જવાબ આપશે.

## Operetta2 અભ્યાસ ટીમની સંપર્ક માહિતી

નામ:

સ્થળ:

ફોન નંબર:

Genentech
A Member of the Roche Group



Roche